# જિલ્લા કક્ષાના ૭૭માં પ્રજાસત્તાક પર્વની કાલાવડ ખાતે શાનદાર ઉજવણી






જામનગર : જામનગર જિલ્લા કલેકટર કેતન ઠક્કરના અધ્યક્ષ સ્થાને જામનગર જિલ્લા કક્ષાના ૭૭માં પ્રજાસતાક પર્વની ઉજવણી કાલાવડ તાલુકાના નવા એપીએમસી મેદાનમાં કરવામાં આવી હતી. જિલ્લા કલેક્ટરના હસ્તે દવજવંદન કરવામાં આવ્યું હતું. દવજને સલામી આપી રાષ્ટ્રગાન બાદ જિલ્લા કલેક્ટરએ જિલ્લા પોલીસ અધિક્ષક ડો.રવિમોહન સૈની સાથે ૯ પ્લાટુન પરેડનું નિરીક્ષણ કર્યું હતું.

બબબપ્રજાસત્તાક પર્વની શુભકામનાઓ પાઠવતા કલેક્ટરએ જણાવ્યું હતું કે, પૂજ્ય મહાત્મા ગાંધી અને સરદાર પટેલ જેવા ગણમાન્ય રાષ્ટ્રીય નેતાઓના નેતૃત્વમાં આઝાદીની લડતમાં અનેક લોકોના બલિદાનો પછી આપણને મહામૂલી આઝાદી પ્રાપ્ત થઈ છે. આવા સ્વાતંત્ર્યવીરોને આજે આપણે નમન કરીએ. તેમનો ઈતિહાસ અને આદર્શો આવનારી પેઢી માટે સદાય પ્રેરણારૂપ રહેશે. ડો. બાબાસાહેબ આંબેડકર જેવા સંવિધાન નિષ્ણાંત અને વિદ્વાનો દ્વારા પ્રજાસત્તાક ભારત દેશનું બંધારણ ઘડવામાં આવ્યું હતું. ઉત્તમ બંધારણના પરિણામે આપણો દેશ સુરાજયના નિર્માણ માટે તેમજ વંચિતો-શોષિતોના વિકાસ માટે અને પીડિતોના ઉત્કર્ષ માટે આગળ વધ્યો છે. આપણા ભારતનું બંધારણ વિશ્વના લોકતાંત્રિક દેશો માટે પણ આદર્શ નમુનારૂપ રહ્યું છે. આપણું રાષ્ટ્ર આ બંધારણ થકી દિનપ્રતિદિન પ્રગતિ કરી રહયું છે.

આપણા દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની સોમનાથ સ્વાભિમાન પર્વ જેવી વિચારધારાત્મક અને સાંસ્કૃતિક પહેલો થકી આપણામાં રાષ્ટ્રગૌરવ, સાંસ્કૃતિક મૂલ્યો અને આત્મગૌરવની ભાવના મજબૂત બની છે. સમગ્ર દેશ સોમનાથ સ્વાભિમાન પર્વની ઉજવણી કરી રહ્યો છે, ત્યારે સોમનાથ મંદિરના પુનઃનિર્માણમાં જામનગરના મહારાજા જામ સાહેબ દિગ્વિજયસિંહજી રણજીતસિંહજી જાડેજાના અભૂતપૂર્વ પ્રદાનને યાદ કરવું એ દરેક ભારતવાસી માટે ગૌરવની વાત છે. ભારતની અખંડ ચેતનાના પ્રતીક સમાન સોમનાથના જીર્ણોદ્ધારમાં તેમનો ફાળો પાયાના પથ્થર સમાન રહ્યો છે. સોમનાથ મંદિર પરિસરમાં ભવ્યતાથી ઊભેલું ''દિગ્વિજય દ્વાર'' એ માત્ર પ્રવેશદ્વાર નથી, પરંતુ મહારાજાની અખંડ રાષ્ટ્રભાવનાનું શિલ્પિત સ્મરણ છે. ભારત દેશ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં 'વિકસિત ભારત - ૨૦૪૭' ના સંકલ્પને સાકાર કરવા તેજ ગતિએ આગળ વધી રહ્યો છે. આ વર્ષે સરદાર પટેલની જન્મજયંતિ નિમિત્તે સ્ટેચ્યૂ ઓફ યુનિટી, એકતાનગર ખાતે 'ભારત-પર્વ' નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું. પંદર દિવસ સુધી ચાલેલાં આ પર્વમાં ભારતની અનેકતામાં એકતા પ્રદર્શિત કરતા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું.

વર્ષ-૨૦૦૩માં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ જે વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટનું બીજ રોપ્યું હતું, તે આજે એક વટવૃક્ષ બની ચૂકી છે. વૈશ્વિક રોકાણકારોમાં લોકપ્રિય બનેલી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટમાં હવે 'લોકલ'નો આયામ ઉમેરાયો છે.મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં તેનું પ્રદેશ સ્તરે આયોજન કરવામાં આવી રહ્યું છે.

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા જામનગરમાં વિશ્વનું સૌથી મોટું સંકલિત ગ્રીન એનર્જી ઈકોસિસ્ટમ બનાવવા અને ભારતનું સૌથી મોટું છૈં-રેડી ડેટા સેન્ટર સ્થાપવાની જાહેરાત કરવામાં આવી છે. જિયો દ્વારા એક ખાસ 'ઈન્ટેલિજન્સ પ્લેટફોર્મ' લોન્ચ કરાશે, જેનો પ્રારંભ ગુજરાતથી થશે, જેથી સામાન્ય નાગરિક પોતાની ભાષામાં છૈં સેવાનો ઉપયોગ કરી શકે. વાઈબ્રન્ટ રીજીયોનલ કોન્ફરન્સ દ્વારા જિલ્લામાં ઉદ્યોગોને નવી દિશા મળી છે. જામનગરમાં વાઈબ્રન્ટ ગુજરાત રિજિયોનલ કોન્ફરન્સ અંતર્ગત યોજાયેલ કાર્યક્રમમાં ૯ કંપનીઓ દ્વારા રૂપિયા ૫ હજાર ૭૧૬ કરોડની રકમના એમ.ઓ.યુ. કરવામાં આવ્યા હતા. વડાપ્રધાનએ છેલ્લા એક વર્ષમાં જામનગર જિલ્લાને ૮૩૩ કરોડ વધુના વિકાસ કાર્યોની ભેંટ આપી છે. રૂ.૫૨૫ કરોડ ૧૦ લાખ ના ખર્ચે ગુરુ ગોવિંદસિંહ હોસ્પિટલના નવા બિલ્ડીગનું નિર્માણ થવાથી કુલ ૨હજાર ૭૧ બેડ સહીતની તમામ અધ્યતન સુવિધાઓ ઉપ્બલ્બ્ધ બનશે. જામનગરમાં વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન ગ્લોબલ સેન્ટર ફોર ટ્રેડિશનલ મેડિસિન — વિશ્વનું પહેલું અને એકમાત્ર વૈશ્વિક કેન્દ્ર બની રહ્યું છે, જે પરંપરાગત મેડિસિન માટે કાર્ય કરશે.

પી. એમ. કુસુમ કમ્પોનન્ટ- સી ફીડર લેવલ સોલારાઈઝેશન યોજના હેઠળ જિલ્લાની વિવિધ જગ્યા પર કુલ ૧૭ પ્લાન્ટ્સ કમિશન થયેલ છે જેની કુલ ક્ષમતા ૫૦ મેગાવોટ અને આ પ્રોજેકટનો અંદાજિત ખર્ચ ૨૦૦ કરોડ છે. મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે તાજેતરમાં જિલ્લાને રૂ.૬૨૨ કરોડથી વધુના વિકાસકાર્યોની ભેંટ આપી છે. જે મુખ્ય કામોમાં ફલાયઓવરનું કામ, એમ. પી. શાહ મેડિકલ કોલેજ ખાતે રૂ ૬૬ કરોડના ખર્ચે ગર્લ્સ હોસ્ટેલનું કામ, રૂ.૨૬૮ કરોડના ખર્ચે ગાર્બેજ કલેક્શનના ૨૧૬ વાહનોને લીલી ઝંડી આપવામાં આવી હતી.

ગુજરાત સરકાર હર હંમેશ ખેડૂતોની સાથે છે તેનું ઉદાહરણ છે, કુદરતી આફતો વખતે રક્ષણ આપવા ખેડૂતોને ચુકવવામાં આવતી આર્થિક સહાય. ગત વર્ષે કમોસમી વરસાદના પરિણામે જામનગર જિલ્લાના ૧ લાખ ૪૦ હજાર ૫૭૨ ખેડૂતોને ૪૮૧ કરોડથી વધુ રકમની રાહત સહાય ચૂકવવામાં આવી છે.

પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના હેઠળ જામનગર જિલ્લાના ખેડૂતોના ખાતામાં ૪૨ કરોડ ૪૨ લાખ જમા થયા છે. જામનગર જિલ્લામાં કૃષિ વિષયક વિવિધ સહાય યોજનાઓ હેઠળ ગત વર્ષે ૩ હજાર ૭૮૮ લાખથી વધુની માતબર સહાય ચૂકવવામાં આવી છે. જિલ્લામાં નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ હેઠળ ૧૪૦ ક્લસ્ટર બનાવી ૭ હજાર ૨૪૧ ખેડૂતો ૧૭ હજાર ૧૭૭ એકરમાં પ્રાકૃતિક કૃષિ કરી રહ્યા છે. જિલ્લાના ૧ હજાર ૧૫૯ લાભાર્થીઓને દેશી ગાય નિભાવ ખર્ચ માટે સહાય આપવામાં આવી છે. જિલ્લામાં બાગાયતી પાકો હેઠળ ૬૦ હજાર ૯૬૭ હેક્ટર વાવેતર છે.

ગુજરાત સરકારે સ્વસ્થ ગુજરાતના સંકલ્પને સાકાર કરવા માટે વિવિધ અભિયાન હાથ ધર્યા."સ્વસ્થ ગુજરાત,મેદસ્વિતામુક્ત ગુજરાત"ના અભિયાન હેઠળ વડાપ્રધાનશ્રીના ૭૫માં જન્મદિવસ નિમિત્તે ૭૫ સ્થળોએ મેદસ્વિતા નિવારણ માટે 'યોગ કેમ્પ'નું આયોજન કરવામાં આવ્યું. તેમ જ ૬૦૦ સ્થળે મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. વડાપ્રધાનશ્રીના ૭૫માં જન્મદિવસે જ ''સ્વસ્થ નારી, સશક્ત પરિવાર'' અભિયાનનો રાષ્ટ્રવ્યાપી પ્રારંભ કરવામાં આવ્યો. જેમાં અંદાજે ૧.૪૦ લાખથી વધુ હેલ્થ કેમ્પ, ૧૦,૮૦૦થી વધુ સ્પેશિયાલિસ્ટ કેમ્પ અને ૧,૩૦,૦૦૦થી વધુ સ્ક્રિનિંગ કેમ્પ યોજવામાં આવ્યા. આ નિશુલ્ક સેવાનો લાખો નાગરિકોએ લાભ લીધો. આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ જિલ્લામાં ૬ લાખ ૮૨ હજારથી વધુ લાભાર્થીઓને આયુષ્માન કાર્ડ ઈશ્યુ કરાયા છે અને ૮ હજાર ૫૯૯ લાભાર્થીઓને રૂપિયા ૪૮ કરોડ ૮૮ લાખની સારવાર આપવામાં આવી છે. દ્ગઊઇછજી અને મુસ્કાન પ્રમાણપત્રો મેળવી જામનગર જિલ્લો ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવાઓ તરફ આગળ વધી રહ્યો છે.

વર્ષ ૨૦૦૨માં ગુજરાતમાં માત્ર ૩ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ હતા, આજે તેની સંખ્યા વધીને ૨૪ થઈ છે. જામનગર શહેરમાં પણ ૪૧ કરોડ ૭૭ લાખના ખર્ચે ખંભાળિયા રોડ પર અત્યાધુનિક સુવિધાઓ સાથેનું સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ બની રહ્યું છે જે રમતવીરો માટે ખુબ જ ઉપયોગી થશે.

મહિલાઓનો સમાજમાં સર્વાંગી વિકાસ થાય તે હેતુથી આપણા વડાપ્રધાનએ કન્યા કેળવણીને સમાજ અને રાષ્ટ્રના વિકાસની ચાવી ગણાવી છે. જામનગર જિલ્લા વહીવટી તંત્રના સફળ પ્રયાસો થકી શાળાએ ન જતી ૧૩૭ બાળકીઓને શાળામાં પુનઃ પ્રવેશ અપાવવામાં આવ્યો છે. શિક્ષણ, બાળ વિકાસ અને કન્યા કેળવણીની વિવિધ યોજના હેઠળ જિલ્લાની તમામ કન્યાઓને મફત શિક્ષણ આપવામાં આવે છે. આર.ટી.ઈ. હેઠળ રૂ. ૬૨૦ કરોડથી વધુની ગ્રાન્ટ વિવિધ શાળાઓને આપવામાં આવી છે. સંકલિત બાળ વિકાસ યોજના હેઠળ ૧૮ હજારથી વધુ બાળકોને પોષણ અને શિક્ષણ આપવામાં આવ્યું છે.

જામનગર જિલ્લામાં મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના હેઠળ ૩૧ ગૌશાળાઓને રૂ.૧ કરોડ ૮૪ લાખની સહાય આપવામાં આવી છે. પશુપાલન વિભાગ દ્વારા એક વર્ષમાં ૧૩૦ પશુ આરોગ્ય મેળા યોજી, ૧૪ હજાર ૪૬૦ પશુઓને સારવાર અને ૨૯ હજાર ૧૬૧ પશુઓને કૃમિનાશક દવા આપવામાં આવી છે.

જામનગર જિલ્લામાં પીએમ સૂર્ય ઘર યોજના હેઠળ ૧૬ હજાર ૩૪૧ વીજ જોડાણોમાં સોલાર પ્લાન્ટ લગાવાયા છે. ખેતીવાડી માટે ૨ હજાર ૭૫૮ વીજ જોડાણો આપવામાં આવ્યા. જલ જીવન મિશન હેઠળ જિલ્લામાં ૧ લાખ ૪૨ હજાર ૮૪ ઘરોમાં નળ જોડાણો પૂર્ણ કરાયા, અને વિવિધ ઓગમેન્ટેશન યોજનાઓથી ૪૨૭ ગામોને શુદ્ધ પાણી પહોંચાડાયું છે.

વડાપ્રધાન મોદીની પ્રેરણાથી આપણે વર્ષ ૨૦૨૫ને 'શહેરી વિકાસ વર્ષ' તરીકે ઉજવ્યું છે. રાજ્ય સરકાર 'અર્નિંગ વેલ, લિવિંગ વેલ'નો મંત્રનો અપનાવી નાગરિકોને રોજગાર સાથે ઉત્તમ જીવનશૈલી આપવા પણ કટિબદ્ધ છે. આ મંત્રને અનુરુપ અમદાવાદ પાસે સાણંદ, વડોદરા પાસે સાવલી સુરત પાસે બારડોલી અને રાજકોટ પાસે હીરાસરને 'સેટેલાઈટ ટાઉન' વિકસાવવામાં આવી રહ્યા છે.



કેન્દ્ર સરકારે ગરીબ લાભાર્થીઓના આર્થિક બોજને દૂર કરવા અને રાષ્ટ્રવ્યાપી એકરૂપતા અને કાયદાનો અસરકારક અમલ સુનિશ્ચિત કરવા માટે લાભાર્થીઓ માટે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અમલમાં મૂકી છે. છેલ્લા એક વર્ષમાં જામનગર જિલ્લામાં દ્ગહ્લજીછ હેઠળ ૮ લાખ ૨૧ હજાર ૩૨૭ લાભાર્થીઓને અનાજ વિતરિત કરાયું છે. સાથે જ ૯ પંડીત દિન દયાળ ગ્રાહક ભંડાર શરૂ કરવામા આવેલ છે. જામનગર જિલ્લો ઉદ્યોગ અને સ્વરોજગારના ક્ષેત્રે પણ આત્મનિર્ભરતા તરફ મક્કમ ડગ માંડી રહ્યો છે. વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન કુલ ૨૪૪ એકમોને કામચલાઉ સહાય મંજૂરી પત્ર તેમજ ૭૦૧ એકમોને ૨ હજાર ૬૦૭ લાખથી વધુની સહાય ચૂકવીને તેમને આર્થિક રીતે સદ્ધર કરવામાં આવ્યા છે.

મત્સ્યોદ્યોગમાં ૫ હજાર ૪૦૭ મેટ્રિક ટન દરિયાઈ અને ૧ હજાર ૭૯૨ મેટ્રિક ટન આંતરિક મત્સ્ય ઉત્પાદન થયું છે. ચેરના વનોમાં ગુજરાત બીજા ક્રમે છે. ત્યારે આપણા જિલ્લામાં ૯૭૪ હેક્ટરમાં ચેરનું વાવેતર કરાયું છે.

ગુજરાત આખા દેશમાં સૌથી સુરક્ષિત રાજ્યો પૈકીનું એક રાજ્ય છે. તેનું કારણ છે ગુજરાત પોલીસની પ્રૉ-એક્ટિવ અભિગમ સાથેની કામગીરી. આધુનિક યુગમાં ગુનાઓનું સ્વરૂપ બદલાયું છે. આ બદલાયેલા સ્વરૂપને અનુરુપ પોલીસ પણ પોતાની કામગીરીમાં પરિવર્તન લાવી રહી છે. જામનગર પોલીસ વિભાગમાં પોલીસ અધિક્ષકની નવી કચેરીનું રૂ.૨૦ કરોડ ૩૬ લાખના ખર્ચે બાંધકામ ચાલુ છે, જે સુરક્ષા અને કાયદા અમલને વધુ મજબૂત કરશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સીધી દેખરેખ હેઠળ રાજયમાં રસ્તાઓના અપગ્રેડેશનનું કામ ચાલી રહ્યું છે. વિકાસની આ ગતિને વધુ વેગ આપવા જામનગર જિલ્લામાં હાલ રૂ.૪૯૪ કરોડના ખર્ચે રસ્તા-પુલોના કામો અને રૂ.૧૦૮ કરોડથી વધુના ખર્ચે મકાનોના ૬ કામો પ્રગતિ હેઠળ છે. જે જિલ્લાની કનેક્ટિવિટી અને માળખાગત સુવિધાઓમાં અભૂતપૂર્વ વધારો કરશે.

## જામનગરના રણમલ તળાવની મધ્યે જળ કિલ્લા જેવી ઈમારતનું કરાયું રેસ્ટોરેશન

જામનગર : ઐતિહાસિક નવાનગર- જામનગરની ઓળખ સમાન રણમલ તળાવ તેની મધ્યે આવેલ લાખોટા કોઠાને કારણે આગવું સૌંદર્ય ધરાવે છે. લાખોટા કોઠાનું નિર્માણ કાર્ય પણ જામ રણમલજી બીજાનાં શાસન કાળમાં ભુજીયા કોઠાની સાથો સાથ જ થયુ હતુ. ઈ.સ.૧૮૩૯ માં તૈયાર થયેલ લાખોટા કોઠાનો ઉનાળામાં જલ મહેલ જેમ તથા યુદ્ધની સ્થિતિમાં જળ કિલ્લા જેમ બેવડો ઉપયોગ હોવાની માન્યતા છે. ૨૦૦૧ નાં ભૂકંપમાં આ લાખોટો કોઠો પણ ક્ષતિગ્રસ્ત થયો હતો. જોકે તળાવમાં વચોવચ્ચ હોવાથી ભૂકંપની તીવ્ર અસરથી આ ઈમારત સલામત રહી હતી. પરંતુ દોઢસો વર્ષથી વધુ સમય વીતી જવાને કારણે ઈમારતને નુકસાન તો થયુ હતુ. આખરે નિર્માણ થયાનાં પોણા બસો વર્ષ પછી અને વિનાશક ભૂકંપના ૧૪ વર્ષ બાદ ઈ.સ. ૨૦૧૫ માં લાખોટા કોઠાનું રેસ્ટોરેશન હાથ ધરવામાં આવ્યુ હતું. ૧૯ કરોડનાં ખર્ચે તથા ૩ વર્ષનાં પરીશ્રમ પછી લાખોટો કોઠો ૨૦૧૮ માં ફરી પુનરૂત્થાન પામ્યો હતો. કોઠાની અંદર પુરાતત્વ વિભાગ સંચાલિત મ્યુઝીયમ પણ આકર્ષણનું કેન્દ્ર છે. ઈતિહાસ સાચવીને બેઠેલો ઐતિહાસિક લાખોટો કોઠો કાળની થપાટો અને ભૂકંપ જેવી આપદાઓ સામે માનવીની ઈચ્છાશક્તિનાં વિજયઘોષનાં શિલાલેખ સમાન છે. મહાનગરપાલિકાના તંત્ર દ્વારા આ ઐતિહાસિક વારસાને જાળવી રાખવામાં આવી રહ્યો છે જેનું રેસ્ટોરન્ટ કાર્ય પૂર્ણ કરી લેવાયા બાદ જાળવણી પણ કરવામાં આવી રહી છે.

# હકુમતી સરવાણીયા-ધુનધોરાજી અને લાવડિયા-મકવાણા રોડનું નવીનીકરણ

જામનગર : જામનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં પરિવહન વ્યવસ્થાને વધુ સુવિધાજનક બનાવવા માટે માર્ગ અને મકાન વિભાગ (પંચાયત) દ્વારા બે મહત્વના રસ્તાઓના સપાટી સુધારણાના કામો હાથ ધરવામાં આવ્યા છે. જિલ્લાના કાલાવડ અને જામનગર તાલુકાના ગ્રામ્ય માર્ગો માટે કુલ રૂ.૧.૩૦ કરોડના ખર્ચે નવીનીકરણની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે.

કાલાવડ તાલુકાના અગત્યના એવા ૨.૦૦ કિલોમીટર લાંબા હકુમતી સરવાણીયાથી ધુનધોરાજી રોડ માટે વિભાગ દ્વારા રૂ.૭૦.૦૦ લાખની રકમ ફાળવવામાં આવી છે. આ રસ્તો હકુમતી સરવાણીયાને ધુનધોરાજી તથા અન્ય ગામો સાથે જોડે છે અને તાલુકા મથક સુધી પહોંચવા માટે ખૂબ જ મહત્વનો છે.



લાંબા સમયથી રસ્તાની સપાટી બિસ્માર હોવાથી અહીં ડામર કામ અને રોડ ફર્નિચરની કામગીરી કરવામાં આવશે, જેથી આ વિસ્તારના વાહનચાલકોને મુશ્કેલીમાંથી મુક્તિ મળશે.

બીજી તરફ, જામનગર તાલુકામાં આવેલ ૧.૬૫ કિમી લંબાઈ ધરાવતા લાવડિયા-મકવાણા-ઢંઢા રોડના ઈમ્પ્રુવમેન્ટ માટે રૂ.૬૦.૦૦ લાખનો જોબ નંબર મંજૂર કરાયો છે. આ પ્રોજેક્ટ અંતર્ગત ડામર કામની સાથે સાથે જરૂરિયાત મુજબ સીસી રોડ અને રોડ ફર્નિચરની વ્યવસ્થા પણ કરવામાં આવશે. આ રસ્તો લાવડિયા, મકવાણા અને ઢંઢા ગામના લોકો માટે પરિવહનનું મુખ્ય માધ્યમ હોવાથી તેની સુધારણા ગ્રામીણ અર્થતંત્ર અને સુવિધા માટે પાયારૂપ સાબિત થશે.

પંચાયત માર્ગ અને મકાન વિભાગના કાર્યપાલક ઈજનેર કે.બી.છૈયા, નાયબ કાર્યપાલક ઈજનેર એસ.સી.બાંભણીયા તથા બી.આર. વસરાના સીધા માર્ગદર્શન હેઠળ આ બંને રસ્તાઓની કામગીરી સત્વરે પૂર્ણ કરવા માટેના આદેશો અપાયા છે. વહીવટી તંત્રના આ હકારાત્મક અભિગમથી આગામી ટૂંકા સમયમાં જ સ્થાનિક ગ્રામજનો અને વાહનચાલકોને આરામદાયક તેમજ સુરક્ષિત મુસાફરીનો લાભ મળતો થશે.


## કાલાવડના સણોસરા ગામના તલાટીનો લાંચ કેસમાં નિર્દોષ છુટકારો

જામનગર : કાલાવડના ખીમાણી સણોસરા ગામના ખેડૂતે ૧૧ વર્ષ પહેલા તલાટી કમ મંત્રી લાંચ માંગતા હોવાની એસીબીમાં કરેલી ફરિયાદમાં છટકુ ગોઠવાયું હતું અને લાંચની રકમ સ્વીકારતા અધિકારીને દબોચી લેવાયા હતા. તે કેસ ચાલી જતા અદાલતે લાંચની રકમ આરોપી પાસેથી મળે તેટલા માત્રથી લાંચનો ગુન્હો સાબિત થતો નથી તે દલીલ ગ્રાહ્ય રાખી આરોપીનો છૂટકારો ફરમાવ્યો છે.

કાલાવડ તાલુકાના ખીમાણી સણોસરા ગામના કેટલાક ખેડૂતોએ પોતાના ખેતરથી ગામની નદી સુધી પાણીની પાઈપલાઈન સરકારી ખરાબામાંથી નાખી હતી. તેને સરકાર દ્વારા નિયત ફી વસૂલી મંજૂરી આપવામાં આવી હતી. આ મંજૂરીઓ રીન્યુ કરવા માટે તલાટી કમ મંત્રીએ એક ખેડૂતના રૂા.સાડા ત્રણ હજાર લેખે ત્રણ ખેડૂત પાસેથી રૂા.૧૦૫૦૦ની લાંચ માંગ્યાની વર્ષ ૨૦૧૪ના જુલાઈ મહિનામાં એસીબીમાં ફરિયાદ કરાઈ હતી. એસીબી સ્ટાફે ગોઠવેલા છટકામાં કાલાવડ મામલતદાર કચેરી બહાર પૈસા આપી જવાનું કહેવાતા એસીબી ટીમ ત્યાં પહોંચી હતી અને આરોપીએ તે રકમ સ્વીકારી ખિસ્સામાં મુકતા જ એસીબી ટીમ પ્રગટી હતી. ઉપરોક્ત કેસ જામનગરની અદાલતમાં ચાલવા પર આવતા આરોપી પક્ષે દલીલ કરી હતી કે લાંચની રકમ આરોપી પાસેથી મળે તે માત્રથી લાંચનો ગુન્હો સાબિત થતો નથી તે દલીલો ગ્રાહ્ય રાખી અદાલતે આરોપી તલાટી મંત્રીનો છૂટકારો ફરમાવ્યો છે. આરોપી તરફથી વકીલ વી.એચ. કનારા, એસ.બી. વોરીયા, ડી.એન. ભેડા, વી.ડી. બારડ, આર.એ. સફીયા, આર.ડી. સીસોટીયા, રૂપાબેન વસરા, જે.એમ. નંદાણીયા, વી.એસ. ખીમાણીયા રોકાયા છે.

## દ્વારકાની ગોમતી નદીમાં ગેરકાયદે માછીમારી પર અંગે જાહેરનામું પ્રસિદ્ધ

દ્વારકા : દ્વારકામાં દ્વારકાધીશ મંદિરની સાથે સાથે અહીં આવેલ પવિત્ર ગોમતી નદીમાં સ્નાનનું પણ વિશેષ મહત્ત્વ રહેલું હોય દ્વારકા દર્શનાર્થે આવતાં ભાવિકો પવિત્ર ગોમતી નદીમાં સ્નાન કરતા હોય ધાર્મિક મહત્તા ધરાવે છે. આ ગોમતી નદીના તટ પર અવાર નવાર અસામાજિક તત્ત્વો દ્વારા ગેરકાયદેસર માછીમારી કરાતી હોવાના લીધે દ્વારકા આવતાં યાત્રીકોની ધાર્મિક લાગણી દુભાય છે. જેના લીધે ગોમતી નદીમાં થતી ગેરકાયદેસર માછીમારી પર પ્રતિબંધ મૂકવા માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દેવભૂમિ દ્વારકાને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કાયદાની કલમ ૧૬૩ હેઠળ મળેલ સત્તાની રૂએ જાહેરનામું પ્રસિદ્ધ કર્યુ છે.



જાહેરનામા અનુસાર દ્વારકાધીશ મંદિર નજીક વહેતી ગોમતી નદી પર સંગમનારાયણ મંદિરથી જૂના તેમજ નવા ગોમતી ઘાટ, કીર્તિ સ્તંભથી દ્વારકાધીશ મંદિર પાર્કિંગ સુધી તથા ગોમતી નદીના સામા કિનારે લક્ષ્મીનારાયણ પંચનદતીર્થ મંદિર નજીકના કિનારાથી ૧૦૦ મીટરની ત્રિજ્યાથી લઈને ગોમતી નદીનો પ્રવાહ સમુદ્રમાં મળે ત્યાં સુધી ગોમતી નદીના બંને કિનારે તમામ પ્રકારની બોટ, હોડી તથા પગડિયા માછીમારો દ્વારા માછીમારી કરવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે.

## હેપ્પી બર્થ-ડે

### ક્યુટ ગર્લ માહીનો આજે જન્મદિવસ



મારું નામ માહી છે. મારી મમીનુ નામ નિશાબેન છે. પાપાનુ નામ ભાવેશ ઉપાધ્યાય છે. દાદીનુ નામ તરુલતાબેન છે. દાદાનુ નામ આસુતોષભાઈ ઉપાધ્યાય છે. આજે મારો જન્મદિવસ છે. હું કેક કાપી મારા મિત્રો સાથે ખૂબ મજા કરીશ. તમે મારા જન્મદિવસની પાર્ટીમાં આવશો ને?

## દ્વારકામાં બુજડ-ભરાડા પરિવાર દ્વારા જગતમંદિરે નૂતન ધ્વજારોહણ

દ્વારકા : દ્વારકા યાત્રાધામ ખાતે આગામી તા.૨૯ જાન્યુઆરીએ દ્વારકાના અનિલભાઈ પરસોતમભાઈ બુજડના પુત્ર તથા સમસ્ત બ્રહમસમાજ સૌરાષ્ટ્ર-કચ્છના પ્રમુખ વિજયભાઈ બુજડના ભત્રીજા ધાર્મિક તેમજ વિજયભાઈ ગોપાલભાઈ ભરાડાના પુત્ર નયનના યજ્ઞોપવિત પ્રસંગે તા.૨૮-૧ બુધવારના રોજ દ્વારકાધીશ જગતમંદિરે નૂતન ધ્વજારોહણનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

તા.૨૮મીએ બુધવારે બપોરે ૩:૦૦ કલાકે ધ્વજાજીનું પૂજન, બપોરે ૩:૩૦ કલાકથી જામનગરના પ્રખ્યાત બાસબેન્ડના સથવારે ધ્વજાજીની શોભાયાત્રા યોજાશે. સાંજે ૫ કલાકે જગતમંદિરે ઠાકોરજીના ઉત્થાપન સમયે શ્રીજીને સુકા મેવા મનોરથ યોજાશે તેમજ જગત મંદિર દવજાજીનું નૂતન આરોહણ કરવામાં આવશે. રાત્રે ૯ કલાકથી આદિત્ય રોડ, શિતલા માતાજીના મંદિર પાસે દ્વારકા ખાતે ધ્વજાજીની પ્રસાદીનું પણ આયોજન કરાયું છે. રાત્રિના ૮ કલાકથી ગુજરાતના પ્રખ્યાત લોકગાયકો ઉદયભાઈ ઘાઘલ એન્ડ ટીમ તથા વનિતાબેન પટેલના સથવારે લોકડાયરો તેમજ દાંડીયારાસનું પણ આયોજન કરવામાં આવેલ છે.

# ખંભાળિયા સિવિલ હોસ્પિટલના દર્દીઓના લાભાર્થે બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો

ખંભાળિયા : લોહીની ખામી વાળા સગર્ભા બહેનો તેમજ ડિલિવરી દરમિયાન કે પછી પણ બ્લડ આપવું પડતું હોય અને થેલેસેમીયા દર્દીઓને દર મહિને બ્લડની આપવાનું હોવાથી જનરલ હોસ્પિટલ ખંભાળિયા ખાતે બ્લડની ખૂબ જરૂરિયાત રહેતી હોય છે. બ્લડની અછત ન રહે તે માટે છેલ્લા ત્રણ વર્ષથી જિલ્લાના આરોગ્ય તંત્ર દ્વારા નિયમિત રીતે બ્લડ ડોનેશન કેમ્પ કરવામાં આવે છે.

ગત તા.૧૫ જાન્યુઆરીના રોજ પાછતર આરોગ્ય કેન્દ્ર ખાતે સંકલ્પ ગ્રુપ અને પાછતર પી.એચ.સી ના સ્ટાફના સહયોગથી કુલ ૩૦ યુનિટ બ્લડ એકત્ર કરીને ખંભાળિયા સરકારી બ્લડ બેંકને અર્પણ કરવામાં આવ્યું હતું. તાલુકા હેલ્થ ઓફિસર ડો.પ્રકાશ ચાંડેગ્રા અને ભાણવડની મોદી હોસ્પિટલના ડૉ.નિશિત મોદી દ્વારા કેમ્પમાં રક્તદાતાઓને ભેટ અને પ્રશસ્તિ પત્ર દ્વારા સન્માનિત કરવામાં આવ્યાં હતાં.

આ કેમ્પ પાછતર આરોગ્ય કેન્દ્રમાં ફરજ બજાવેલ કર્મચારી સ્વ. વ્રજેશભાઈ પરમારની શ્રદ્ધાંજલી તરીકે આયોજિત કરવામાં આવેલ હતો. લોકોએ દર ત્રણ મહિને રક્તદાન કરી શકે છે. રક્તદાન કેમ્પમાં ઉત્સાહપુર્વક જોડાવા અને નિયમીત રીતે સરકારી હોસ્પિટલ ખાતે રક્તદાન કરવા જિલ્લા આરોગ્ય તંત્ર અને સંકલ્પ ગ્રુપ દ્વારા જાહેર જનતા અપીલ કરવામાં આવી છે.




## અવસાન નોંધ

**જામનગર :** જામનગર નિવાસી સરોજબેન નરેન્દ્રભાઈ મપારા (ઉ.વ.૭૫) તે એડવોકેટ નરેન્દ્રભાઈ ધરમશીભાઈ મપારાના ધર્મપત્ની તથા તે એડિશનલ ડિસ્ટ્રીક જજ વિવેક મપારા, એડવોકેટ દેવલ મપારાના માતા તથા ધારાબેન વિવેક મપારાના સાસુ તથા દુરવા વિવેકના દાદી તથા રાધિકા દેવલ મપારાના નાનીમાં તથા એડવોકેટ અનિલ સી. કોઠારીના મોટાબેન તથા એડવોકેટ સ્વ. ચમનલાલ કોઠારીના પુત્રીનું તા.૨૫ને રવિવારના રોજ અવસાન થયું છે. સદગતનું ઉઠમણું તા.૨૬ને સોમવારના રોજ બપોરે ૪ થી ૪:૩૦ કલાકે પાબારી હોલ, તળાવની પાળ, જામનગર ખાતે ભાઈઓ તથા બહેનો માટે રાખવામાં આવેલ છે.

**જામનગર :** જામનગર નિવાસી હિમાંશુભાઈ તથા બિંદુબેન કુંડલીયાની પુત્રી હિનલ તે સ્વ. જગદીશચંદ્ર હરીલાલ કુંડલીયાની પૌત્રી, લલિતકુમાર શાંતિલાલ મહેતાની દોહિત્રી, ડો. ઋષભની બહેન, હિમા ચેતનભાઈ ઉદાણીની ભત્રીજીનું તા.૨૪/ને શનિવારના રોજ અવસાન થયેલ છે.સદગતનું બેસણું તા.૨૬ને સોમવારના રોજ બપોરે ૪ થી ૫, અમૃત વાડી, વિંગ ૧, નાગનાથ ગેઈટ, જામનગર ખાતે રાખેલ છે.